## ગુજરાતના વિવિધ શહેરો તથા આંતરિયાળ વિસ્તારોમાં વિદ્યાર્થીઓ માટે શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર દ્વારા શિક્ષણોપયોગી સાધનોનું રાહતદરે વિતરણ

હાલમાં જ શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત તથા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક **પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ**નાં આત્મલક્ષી સત્સંગ અમદાવાદમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં યોજવામાં આવ્યા હતા, જેનો અમદાવાદના અધ્યાત્મપ્રિય અને સુસંસ્કારી મુમુક્ષુજનોએ ખૂબ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ મિશન દ્વારા શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે, જેનાથી લાખો લોકો લાભાન્વિત થાય છે. ભણતર માટે જરૂરી એવી નોટબુકો તથા અન્ય સ્ટેશનરીઓ કેટલાય બાળકો માટે અલભ્ય છે. છેલ્લા ૧૩ વર્ષથી ધરમપુર અને તેની આસપાસના વિસ્તારો તથા ગુજરાતના અન્ય શહેરો અને તેના આંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે **'શ્રીમદ્ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય'** આ પ્રોજેક્ટ અંતર્ગત શિક્ષણોપયોગી સાધનો જેમ કે સ્કુલ બેગ, રાઈટિંગ પેડ, નોટબુકો, કંપાસ બોક્સ આદિનું અત્યંત રાહત દરે વિતરણ કરવામાં આવે છે. દૂર દૂરથી લોકો આ સાધનો ખરીદવા કેન્દ્રોમાં આવે છે, લાંબી લાઈનો લાગે છે કારણકે આ સાધનો ઉચ્ચ ગુણવત્તાયુક્ત હોય છે.

આ પ્રોજેક્ટને અત્યંત જબરદસ્ત પ્રતિસાદ સાંપડયો છે. જે અંતર્ગત અત્યાર સુધી રૂ.૩૦ કરોડથી વધુ કિંમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું છે. દર વર્ષે આશરે ૧.૨૫ લાખથી વધુ જેટલાં વિદ્યાર્થીઓ લાભાન્વિત થાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીની નિરંતર વહેતી કરૂણાના ફળ સ્વરૂપે આ વર્ષે આશરે રૂ. ૭ કરોડથી વધુ કિંમતની ૨૫ લાખથી વધુ નોટબુક્સ તથા ૧,૫૦,૦૦૦ અન્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવનાર છે. આ વિતરણ ધરમપુર, વડોદરા, અમદાવાદ, બોટાદ, રાજકોટ, નડિયાદ, આણંદ, સુરત, જામનગર, ઈડર, વડવા, બેંગલુરુ, ચેન્નાઈ, મુંબઈ, જયપુર, કોલકાતા, પૂણે આદિ શહેરોમાં કરવામાં આવશે. આજે તા. નવમી એપ્રિલે અમદાવાદમાં આ પ્રોજેક્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેને ખૂબ સારો પ્રતિસાદ સાંપડ્યો હતો.

**તા. નવમી એપ્રિલથી તા. ૧૭મી એપ્રિલ દરમ્યાન અમદાવાદના નીચેના છ કેન્દ્રોમાં સવારે ૯-૦૦ વાગ્યાથી** આ વિતરણનો લાભ લઈ શકાશે.

| ક્રમ | તારીખ | કેન્દ્ર |
|---|---|---|
| ૧ | ૯.૦૪.૧૮ થી ૧૧.૦૪.૧૮ | ધ એચ.બી.કાપડિયા સ્કૂલ, તીર્થનગર અને સુભાષ બેન્કની સામે, મેમનગર. |
| ૨ | ૧૨.૦૪.૧૮ થી ૧૪.૦૪.૧૮ | શ્રી આર.જે.પટેલ, શ્રીજી વિદ્યાલય, બાપુનગર, પટેલ વાડીની બાજુમાં. |
| ૩ | ૧૫.૦૪.૧૮ થી ૧૭.૦૪.૧૮ | ધ એચ.બી.કાપડિયા સ્કૂલ, હરીસિંગ વાડીની સામે, શાહીબાગ. |
| ૪ | ૧૫.૦૪.૧૮ થી ૧૭.૦૪.૧૮ | નવરંગ હાઈસ્કૂલ, ચંદ્રનગર સોસાયટીની પાસે,અંબિકાનગર સોસાયટીની સામે,ઓઢવ. |

| | | |
|---|---|---|
| ૫ | ૧૨.૦૪.૧૮ થી ૧૫.૦૪.૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકૃપા ફ્લેટ પાસે, જૈન નગર, સુખીપુરા, પાલડી. |
| ૬ | ૧૨.૦૪.૧૮ થી ૧૫.૦૪.૧૮ | શારદા મંદિર સ્કુલ, નવા શારદા મંદિર રોડ, શ્રેયસ ક્રોસીંગ ઓવરબ્રીજની પાસે. |

આ પ્રોજેક્ટની કેટલીક વિશિષ્ટતાઓ ધ્યાનમાં લેવા જેવી છે જેમ કે ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક, જેમની પાસેથી તેઓએ સત્ય અને અહિંસા જેવા સિદ્ધાંતોની પ્રેરણા લીધી એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટ દરેક નોટબુક ઉપર છે, જે વિદ્યાર્થીઓને ઉચ્ચ મૂલ્યોની પ્રેરણા આપશે. આ ઉપરાંત નોટબુકની અંદર રહેલા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રેરણાત્મક સૂત્રો વિદ્યાર્થીઓના ઘડતરમાં મદદરૂપ થશે. વળી આ પ્રોજેક્ટમાં સેવા આપનાર મોટા ભાગના સેવકો વરિષ્ઠ નાગરિકો અને તરૂણો છે અને એન્વાયરમેન્ટલ કેરના ઉદ્દેશોને પ્રોત્સાહિત કરવા નોટબુકો હાઈ ક્વોલિટી ઈકો ફ્રેન્ડલી પેપર્સમાંથી બનાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટના કારણે વિદ્યાર્થીઓમાં એક વિશ્વાસ પેદા થયો છે કે ભણતરમાં સહાયક સાધનો તેમને પોષાય એવા દરે તેઓ મેળવી શકે છે અને તેથી તેમના શિક્ષણ માટેના ઉત્સાહમાં વૃધ્ધિ થઈ છે. દરેક શૈક્ષણિક સુવિધાઓ શરૂ કરવા પાછળ પૂજ્ય ગુરુદેવશ્રીનો મુખ્ય આશય એ જ છે કે આ બધા અમારા જ બાળકો છે, એમને શ્રેષ્ઠ સુવિધાઓ પ્રાપ્ત થાય, તેઓ કોઇ પણ ચીજથી વંચિત ન રહી જાય અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને.

પ્રેસ માટે તથા વધુ માહિતી માટે સંપર્કઃ અલ્પા ગાંધી. ફોન + ૯૧ ૮૩૬૯૪૬૭૨૨૩
ઈ-મેઈલ : publicrelations@shrimadrajchandramission.org